# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 27-02-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

****************************************************

1) ચાલુ નાણાકીય વર્ષના ત્રી જા ત્રિમાસિકમાં ભારતીય અર્થતંત્રમાં 7.8 ટકાનો વધારો -. 2025-26 માં વાસ્તવિક GDP વૃદ્ધિ 7.6 ટકા રહેવાનો અંદાજ.

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એ બજેટ પછીના વેબિનારમાં વ્યવસાય કરવાની સરળતા માટે વધુ સુધારા અને નીતિઓના અસરકારક અમલીકરણ પર ભાર મૂક્યો.

3) પ્રધાનમંત્રી આવતીકાલે રાજસ્થાન અને ગુજરાતની મુલાકાત લેશે

4) દિલ્હીની અદાલતે પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાને આબકારી નીતિ કેસમાં નિર્દોષ જાહેર કર્યા - સીબીઆઈ વડી અદાલતમાં અપીલ કરશે.

5) ICC- T20 વિશ્વકપની સુપર 8 ગ્રુપની બીજી મેચ આજે કોલંબોમાં ઈંગ્લેન્ડ ન્યુઝીલેન્ડ વચ્ચે રમાઈ રહી છે

..............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# GDP GROWTH FIGURES

ચાલુ નાણાકીય વર્ષના ત્રી જા ત્રિમાસિકમાં ભારતીય અર્થતંત્રમાં 7.8 ટકાનો વધારો થયો છે. 2025-26 માં વાસ્તવિક GDP વૃદ્ધિ 7.6 ટકા રહેવાનો અંદાજ છે, જે 2024-25 માં 7.1 ટકા હતો.

આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયે આજે વાર્ષિક અને ત્રિમાસિક અંદાજોની એક નવી શ્રેણી બહાર પાડી છે , જેમાં 2022-23 ને આધાર વર્ષ તરીકે દર્શાવવામાં આવ્યું છે.

આ અગાઉ 2011-12 ને આધાર વર્ષ તરીકે રજૂ કરાયેલ શ્રેણીને બદલે છે . ચાલુ નાણાકીય વર્ષમાં એકંદર આર્થિક પ્રદર્શન મુખ્યત્વે બીજા ત્રિમાસિકમાં 8.4 ટકા અને ત્રીજા ત્રિમાસિકમાં 7.8 ટકાના મજબૂત વાસ્તવિક વિકાસ દ્વારા પ્રેરિત છે.

. . . . . . . . . . . . .

# GDP - BRIFING

મુખ્ય આર્થિક સલાહકાર અનંત નાગેશ્વરને જણાવ્યું હતું કે વૈશ્વિક અનિશ્ચિતતાઓ છતાં દેશનું આર્થિક પ્રદર્શન મજબૂત રહ્યું છે. આજે નવી દિલ્હીમાં તાજેતરના GDP ડેટા પર બોલતા , તેમણે કહ્યું કે છેલ્લા સતત ત્રણ વર્ષથી 7 ટકાથી વધુનો વાસ્તવિક GDP વૃદ્ધિદર અર્થતંત્રની એકંદર મજબૂતાઈ દર્શાવે છે.

શ્રી નાગેશ્વરને જણાવ્યું હતું કે ભારતીય અર્થતંત્રનો મજબૂત વિકાસ દર વ્યાપક-આધારિત આર્થિક પ્રવૃત્તિ દ્વારા પ્રેરિત છે. તેમણે જણાવ્યું હતું કે ભારત થોડા વર્ષોમાં વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવા માટે તૈયાર છે.

. . . . . . . . . . . . .

# PM MODI ON BUDGET WEBINAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે દેશ સુધારાના માર્ગ પર ચાલી રહ્યો છે, સરકાર પ્રક્રિયાઓને સરળ બનાવી રહી છે, વેપારને સરળ બનાવી રહી છે અને ટેકનોલોજી-આધારિત શાસનનો વિસ્તાર કરી રહી છે . શ્રી મોદીએ આજે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા "વિકસિત ભારત માટે ટેકનોલોજી , સુધારા અને નાણાં" વિષય પર બજેટ પછીના વેબિનારને સંબોધતા આ નિવેદન આપ્યું હતું.

પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે સુધારાઓની ગતિ જાળવી રાખવા માટે , માત્ર નીતિગત હેતુઓ પર જ નહીં પરંતુ ઉત્તમ અમલીકરણ પર પણ ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે . તેમણે AI, બ્લોકચેન અને ડેટા એનાલિટિક્સના વ્યાપક ઉપયોગ દ્વારા પારદર્શિતા, ગતિ અને જવાબદારી વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો . પ્રધાનમંત્રીએ નોંધ્યું કે છેલ્લા દાયકામાં, સરકારે માળખાગત સુવિધાઓ પર વિશેષ ધ્યાન આપ્યું છે.

(BYTE-PM બજેટ-26)

. . . . . . . . . . . . .

# PM VISIT – RAJASTAN, GUJ.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે રાજસ્થાન અને ગુજરાતની મુલાકાત લેશે. શ્રી મોદી રાજસ્થાનના અજમેરમાં 16 હજાર કરોડ રૂપિયા થી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે . આ પ્રસંગે પ્રધાનમંત્રી મોદી એક જાહેર સભાને પણ સંબોધિત કરશે.આ અંગે સાંભળીએ એક અહેવાલ.......

(વોઈસકાસ્ટ – અજય ઈન્દ્રેકર)

*( શ્રી મોદી 14 વર્ષ અને તેથી વધુ ઉંમરની છોકરીઓ માટે સર્વાઇકલ કેન્સર અટકાવવા માટે રાષ્ટ્રવ્યાપી HPV રસીકરણ અભિયાન પણ શરૂ કરશે . પ્રધાનમંત્રી રાજસ્થાનમાં સરકારી વિભાગોમાં નવા ભરતી થયેલા 21 હજાર 800 થી વધુ યુવાનોને નિમણૂક પત્રોનું વિતરણ પણ કરશે.*

*પ્રધાનમંત્રી ગુજરાતના સાણંદમાં સેમિકન્ડક્ટર એસેમ્બલી , પરીક્ષણ અને પેકેજિંગ સેન્ટરનું ઉદ્ઘાટન કરશે . કુલ 22 હજાર 500 કરોડ રૂપિયા થી વધુના ખર્ચે બનેલ આ સેન્ટર વૈશ્વિક બજારમાં ગ્રાહકોની જરૂરિયાતોને પૂર્ણ કરશે. આ પ્રસંગે શ્રી મોદી જાહેર સભાને પણ સંબોધશે.*

*સાણંદના આ પ્લાન્ટમાં હાલ બે હજાર લોકોની ટીમ કાર્યરત્ છે અને આગામી સમયમાં પાંચ હજાર લોકોને સીધી રોજગારીની તક ઉપલબ્ધ કરાવાશે.*

*અજય ઈન્દ્રેકર આકાશવાણી સમાચાર અમદાવાદ.)*

. . . . . . . . . . . . .

# PRESIDENT - LUH SORTIE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે રાજસ્થાનના જેસલમેર હવાઈદળ મથક પર સ્વદેશી લાઇટ કોમ્બેટ હેલિકોપ્ટર પ્રચંડમાં ઉડાન ભરી.

પાછળથી વિઝિટર બુકમાં એક સંક્ષિપ્ત નોંધમાં , રાષ્ટ્રપતિએ કહ્યું કે સ્વદેશી રીતે નિર્મિત લાઇટ કોમ્બેટ હેલિકોપ્ટર પ્રચંડ માં ઉડ્ડાન ભરવી એક રોમાંચક અનુભવ હતો. તેમણે કહ્યું કે આ ઉડાનથી તેમને રાષ્ટ્રની સંરક્ષણ ક્ષમતાઓ પર ગર્વની નવી ભાવના મળી છે . રાષ્ટ્રપતિ મુર્મુએ ભારતીય વાયુસેના અને સમગ્ર ટીમને સફળ ઉડ્ડાન બદલ અભિનંદન આપ્યા . સાંજે, રાષ્ટ્રપતિ જેસલમેરમાં ભારતીય વાયુસેનાના વાયુ શક્તિ કવાયતના સાક્ષી બનશે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# GOYAL - CONFERENCE

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું છે કે ભારત -અમેરિકા વચગાળાનો વેપાર કરાર દેશના કૃષિ , નાના અને મધ્યમ ઉદ્યોગો (SMEs) ના હિતોને પ્રાથમિકતા આપે છે . આજે નવી દિલ્હીમાં એક કાર્યક્રમમાં બોલતા , તેમણે કહ્યું કે આ કરાર ખેડૂતો , ડેરી, મરઘાં, માછીમારો અને હાથવણાટ ક્ષેત્રોને લગતા તમામ સંવેદનશીલ મુદ્દાઓને સંબોધે છે.

(બાઈટ - પીયૂષ ગોયલ)

. . . . . . . . . . . . .

# VAISHNAV - RISING INDIA SUMMIT

ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે કૃત્રિમ બુદ્ધિમત્તા - AI ના ઉપયોગમાં વિશ્વસનીયતા ખૂબ જ મહત્વપૂર્ણ છે . આજે નવી દિલ્હીમાં એક મીડિયા ગ્રુપ દ્વારા આયોજિત રાઇઝિંગ ઇન્ડિયા સમિટને સંબોધતા, શ્રી વૈષ્ણવે AI પરિવર્તનને ગંભીરતાથી લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

તેમણે જણાવ્યું હતું કે સરકાર પ્રતિભાની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા પર ખાસ ધ્યાન આ પી રહી છે , અને રાજ્ય સરકારોએ પણ આ દિશામાં નોંધપાત્ર પ્રયાસો કરવા જોઈએ.

. . . . . . . . . . . . .

# NAVY-ANJADEEP

ચોથું એન્ટિ -સબમરીન  જહાજ  અંજદીપ આજે નૌકાદળમાં સામેલ કરવામાં આવ્યું. આ જહાજને નૌકાદળના વડા એડમિરલ દિનેશ ત્રિપાઠીની હાજરીમાં ચેન્નાઈ બંદરે કાર્યરત કરવામાં આવ્યું.

નૌકાદળે જણાવ્યું હતું કે આ સ્વદેશી રીતે બનેલ  77  મીટર લાંબુ જહાજ હળવા વજનના ટોર્પિડો , એન્ટિ-સબમરીન મિસાઇલો અને હલ -માઉન્ટેડ સોનારથી સજ્જ છે. જહાજ પર 80 ટકાથી વધુ સાધનો સ્વદેશી છે.

. . . . . . . . . . . . . .

# KEJRIWAL - ACQUITTED

દિલ્હી આબકારી નીતિ કૌભાંડ કેસમાં અરવિંદ કેજરીવાલને નિર્દોષ જાહેર કર્યા બાદ, ભાજપના પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ જણાવ્યું હતું કે નીચલી કોર્ટે પુરાવાના અભાવે કેજરીવાલ અને અન્ય આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે.

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે જણાવ્યું કે કોર્ટે તમામ આરોપો ફગાવી દીધા છે અને તમામ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા છે.

(બાઈટ – અરવિંદ કેજરીવાલ)

દરમિયાન ભાજપના સાંસદ મનોજ તિવારીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે રાઉઝ એવન્યુ કોર્ટના નિર્ણય પછી આ કેસ વડી અદાલતમાં જશે.

. . . . . . . . . . . . .

# ICC T20 WORLD CUP- TOSS

ICC- T20 વિશ્વકપની સુપર 8 ગ્રુપની બીજી મેચ આજે કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમમાં ઈંગ્લેન્ડ ન્યુઝીલેન્ડ મેચ રમાઈ રહી છે. અગાઉ , ન્યૂઝીલેન્ડે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો.

છેલ્લા મળતા અહેવાલ મુજબ ન્યૂઝીલેન્ડે 12 ઓવરમાં 3 વિકેટે 107 રન કર્યા છે..

રવિવારે કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે ભારતનો અંતિમ સુપર 8 મેચમાં વેસ્ટ ઈન્ડિઝ સામે મુકાબલો થશે.

. . . . . . . . . . . . .

# SC - WEST BENGAL SIR

સર્વોચ્ચ અદાલતે આજે મતદાર યાદીઓના વિશેષ સઘન સુધારણા - SIR પ્રક્રિયામાં તૈનાત ન્યાયિક અધિકારીઓ માટે ચૂંટણી પંચના તાલીમ મોડ્યુલ સામે પશ્ચિમ બંગાળ સરકારના વાંધાને ધ્યાનમાં લેવાનો ઇનકાર કર્યો હતો. જ્યારે પશ્ચિમ બંગાળ સરકારે ધ્યાન દોર્યું કે ચૂંટણી પંચે ન્યાયિક અધિકારીઓ માટે તાલીમ મોડ્યુલ જાહેર કર્યો છે, ત્યારે સર્વોચ્ચ અદાલતે કહ્યું કે તે તેના ન્યાયિક અધિકારીઓને સારી રીતે જાણે છે અને કોઈપણ વસ્તુથી પ્રભાવિત થશે નહીં. મુખ્ય ન્યાયમૂર્તિએ જણાવ્યું કે રાજ્યમાં આ પ્રક્રિયા માટે તૈનાત ન્યાયિક અધિકારીઓ આ બાબતે નિર્ણય લેશે.

ખંડપીઠે જણાવ્યું કે ચૂંટણી પંચ કે રાજ્ય સરકાર આ મામલે સર્વોચ્ચ અદાલતે પસાર કરાયેલા આદેશોથી આગળ વધશે નહીં.

. . . . . . . . . . . . .